# ધી ન્યુ ઈંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ
## (ભારત સરકારનું ઉપક્રમ)
**રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઈંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

# અંગત અકસ્માત વીમા પૉલિસી
## (વ્યક્તિગત)

આ સાથેની અનુસૂચિમાં જણાવેલ નામવાળા વીમાદારે આ અંગેની અનુસૂચિમાં જણાવેલ તારીખનો પ્રસ્તાવ (તેમાં જણાવેલાં નિવેદનોની સચ્ચાઈની ખાતરી આપતો) ધી ન્યુ ઈંડિયા એસ્યોરન્સ કં. લિ. (આમાં હવે પછી 'કંપની' તરીકે જણાવેલ)ને મૂક્યો છે અથવા મુકાવ્યો છે. તે આ કરારનો આધાર છે અને તેમાં તે સમાવિષ્ટ હોવાનું માનવામાં આવે છે. તેણે કંપનીને અનુસૂચિમાં જણાવેલ સમયગાળા માટે અથવા કંપની આ પૉલિસી રિન્યુ કરાવવા ચુકવણી સ્વીકારે તેવા વધારે સમય માટે અહીં હવે પછી નિર્દિષ્ટ કરેલ વીમા માટે આમાં જણાવેલ પ્રીમિયમ ચૂકવ્યું છે, તેથી;

હવે આ પૉલિસી સાક્ષી પૂરે છે કે અહીં આમાં દર્શાવેલ શરતો, નિષેધો, વ્યાખ્યાઓ અથવા શેરો અથવા અન્યથા તેમાં જણાવેલ બાબતોને અધીન રહીને, કંપની વીમાદારને અહીં આમાં હવે પછી દર્શાવેલ રકમ ચૂકવશે.

૧. આ પૉલિસી ચાલુ હોય તે દરમિયાન કોઈ પણ સમયે વીમાદાર વ્યક્તિને બહારનાં હિંસક અને દૃશ્ય સાધનોથી થયેલ અકસ્માતથી સંપૂર્ણપણે કે સીધી રીતે થયેલી શારીરિક ઈજા ભોગવે, તો કંપની વીમાદારને અથવા તેના કાયદેસર અંગત પ્રતિનિધિ / પ્રતિનિધિઓને આમાં હવે પછી નિયત થયેલી રકમ ચૂકવશે.

(ક) જો આવી ઈજા બાદ કેલેન્ડર મહિનામાં થઈ હોય અને તે વીમાદારના મૃત્યુનું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળકિંમત (CSI).

(ખ) આવી ઈજા થયાના બાર કેલેન્ડર મહિનાની અંદર (૧) બંને આંખની દૃષ્ટિ (૨) બે આખા હાથ અથવા બે આખા પગ અથવા એક આખો હાથ અથવા એક આખો પગ શારીરિક રીતે છૂટો પડવાથી થયેલ ખરેખર નુકસાન અથવા એક આંખની દૃષ્ટિનું નુકસાન અને એક આખા હાથ અને એક આખા પગનું આવું નુકસાનનું સંપૂર્ણ અને મટી ન શકે તેવું નુકસાન થયાનું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ મૂળ વીમા રકમ (૨) બે હાથનો અથવા બે પગનો ઉપયોગ અથવા એક હાથ અને એક પગના ઉપયોગનું નુકસાન અથવા એક હાથ અથવા એક પગના ઉપયોગ અથવા એક આંખની દૃષ્ટિનું નુકસાન અને એક હાથ અથવા એક પગના આવા ઉપયોગનું નુકસાન થયું હોય, તો આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમ.

(ગ) આવી ઈજા થયાના બાર કેલેન્ડર મહિનાની અંદર (૧) એક આંખની દૃષ્ટિ અથવા એક આખા હાથ અથવા એક આખો પગ શારીરિક રીતે છૂટો થયાનું ખરેખર નુકસાન થયું હોય, તો આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાની રકમના ૫૦ ટકા અને શારીરિક રીતે અલગ પડ્યા સિવાય એક હાથ અથવા એક પગના સંપૂર્ણ અને મટી ન શકે તેવા ઉપયોગના નુકસાનના આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ વીમાની મૂળ રકમના ૫૦ (પચાસ) ટકા.

**નોંધ :** ઉપરના ખંડ (ખ) અને (ગ)ના હેતુ માટે હાથ શારીરિક અલગ પડવો એટલે કાંડા અને ઉપરની જગ્યાએથી અલગ પડવો અને પગ શારીરિક અલગ પડવો એટલે ઘૂંટીથી અને તેના ઉપરથી અલગ પડવો.

(ઘ) જો આવી ઈજા, વીમાદાર વ્યક્તિને ગમે તેવા વર્ણનના રોજગાર અથવા વ્યવસાયમાં કામ કરવા અથવા તેના પર ધ્યાન આપવા તાત્કાલિક, કાયમી, સંપૂર્ણ અને તદ્દન અશક્ત બનાવે, તો સો ટકા જેટલી ખરેખર રકમ (વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા) ઊચક રકમ ચૂકવશે.

(ચ) જો આવી ઈજાના બાર કેલેન્ડર મહિનાની અંદર નીચેના અવયવોના શારીરિક છૂટા પાડવાના ખરેખર નુકસાન અથવા ઉપયોગના મટી ન શકે તેવું નુકસાન સંપૂર્ણ અને / અથવા અંશતઃ સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો નીચે દર્શાવ્યા પ્રમાણે વીમાની મૂળ રકમની નીચેની ટકાવારી ચૂકવી શકાશે.

| | **અવયવો** | **નુકસાન** | **વીમો ઉતરાવેલી મૂડી રકમની ટકાવારી** |
|---|---|---|---|
| ૧ | બધા વેઢાને | અંગૂઠાનું નુકસાન | ૨૦ % |
| | મોટું | બે વેઢા | ૫ % |
| | મોટું | એક વેઢો | ૨ % |
| | મોટા સિવાય, | પગની એકથી વધારે આંગળી ગુમાવાય તો | ૧ % |
| ૨ | બંને કાન | શ્રવણશક્તિ ગુમાવવી | ૭૫ % |
| | એક કાન | શ્રવણશક્તિ ગુમાવવી | ૩૦ % |
| ૩ | - | એક હાથની ચાર આંગળી અને અંગૂઠાને નુકસાન | ૪૦ % |
| ૪ | - | ચાર આંગળીનું નુકસાન | ૩૫ % |
| ૫ | - | | |
| ૬ | બે વેઢા | અંગૂઠાને નુકસાન | ૨૫ % |
| | એક વેઢો | | ૧૦ % |
| ૭ | ત્રણ વેઢા | તર્જની આંગળીનું નુકસાન | ૧૦ % |
| | બે વેઢા | | ૧૦ % |
| | એક વેઢો | | ૧૦ % |
| ૮ | ત્રણ વેઢા | મધ્યમા આંગળીનું નુકસાન | ૬ % |
| | બે વેઢા | | ૬ % |
| | એક વેઢો | | ૬ % |
| ૯ | ત્રણ વેઢા | અનામિકા આંગળીનું નુકસાન | ૫ % |
| | બે વેઢા | | ૫ % |
| | એક વેઢો | | ૫ % |
| ૧૦ | ત્રણ વેઢા | ટચલી આંગળીનું નુકસાન | ૪ % |
| | બે વેઢા | | ૪ % |
| | એક વેઢો | | ૪ % |
| ૧૧ | પ્રથમ કે દ્વિતીય (વધારાની) | હાથની હથેળીને નુકસાન | ૩ % |
| | ત્રીજી, ચોથી કે પાંચમી (વધારાની) | | ૩ % |
| ૧૨ | | બીજી કોઈ કાયમી / અંશતઃ અશક્તતા | કંપનીના પેનલ ડોક્ટરે આકાર્યા મુજબ ટકાવારી |

(છ) જો આવી ઈજા, કોઈ પણ પ્રકારના રોજગાર અથવા વ્યવસાયમાં કામ કરવા માટે સંપૂર્ણ અશક્ત બનાવે ત્યાં સુધી કામચલાઉ કાયમી અશક્તતા(TTD)નું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો આ સાથેની અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના એક (૧) ટકા લેખે અઠવાડિયા દીઠ, પરંતુ બધી પૉલિસીઓ હેઠળ અઠવાડિયાના વધુમાં વધુ ₹. ૩૦૦૦

પરંતુ ઉપરના પેરા-ખંડ (છ) હેઠળ ચૂકવવાપાત્ર વળતર, કોઈ ઈજા બાબતમાં અશક્તતાની શરૂઆતની તારીખથી ગણતાં ૧૦૦ અઠવાડિયાં કરતાં વધારે સમય માટે ચૂકવી શકાશે નહિ અને કોઈ પણ સંજોગોમાં તે વીમાની મૂળ રકમ કરતાં વધશે નહિ.

**ખાસ મફત લાભ**

**૧. મૃતદેહને લઈ જવો**

વીમાદારનું ઘરની બહાર પૉલિસીમાં વ્યાખ્યા કરેલ અકસ્માતને કારણે મૃત્યુ થાય તેવા પ્રસંગે કંપની વીમાદારના મૃતદેહને તેના રહેઠાણના સ્થળે લઈ જવા પેટા-ખંડ(ક) હેઠળ ચૂકવવાપાત્ર રકમ ઉપરથી મૂળ રકમના ૨ % લેખે ઊચક રકમ અથવા રૂ. ૨૫૦૦, એ બેમાંથી જે ઓછી હોય તેવી રકમ ચૂકવવા આથી કબૂલ કરે છે.

**૨. શૈક્ષણિક ગ્રાન્ટ**

પૉલિસીમાં વ્યાખ્યા કર્યા મુજબ અકસ્માતને કારણે વીમાદારનું મૃત્યુ થાય અથવા કાયમી અશક્તતા આવે તેવા પ્રસંગે આશ્રિત બાળકો માટે નીચે મુજબ શૈક્ષણિક ગ્રાન્ટ ચૂકવવામાં આવશેઃ

(ક) વીમાદારને ૨૫ વર્ષથી ઓછી વયનું એક આશ્રિત બાળક હોય, તો વધુમાં વધુ ₹ ૫૦૦૦ને અધીન રહીને વીમાની મૂળ રકમના ૧૦ ટકા જેટલી રકમ;

(ખ) વીમાદારને ૨૫ વર્ષથી ઓછી વયનાં એક કરતાં વધારે આશ્રિત બાળકો હોય, તો વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ને અધીન રહીને વીમાની મૂળ રકમના ૧૦ ટકા જેટલી રકમ

ઉપર મુજબની રકમ વીમાની મૂળ રકમ મેળવવાને પાત્ર હોય તે જ વ્યક્તિ / વ્યક્તિઓને વીમાની મૂળ રકમ સાથે ચૂકવવામાંઆવશે.

પરંતુ વીમાદાર વ્યક્તિને આવરી લેતા બીજા કોઈ અંગત અકસ્માતના વીમા (subsiding PA) હોય, તો આ વિનિયમ હેઠળ આવી બધી પૉલિસી હેઠળના કુલ લાભ, એક આશ્રિત બાળક બાબતમાં વધુમાં વધુ ₹ ૫૦૦૦ અને એક કરતાં વધારે આશ્રિત બાળકો બાબતમાં વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ સુધી મર્યાદિત રહેશે. આમ ચૂકવવાપાત્ર રકમ મૂળ વીમાની રકમના પ્રમાણમાં તમામ પૉલિસીએ ભોગવવાની રહેશે.

## અપવાદ

પરંતુ હંમેશાં એ શરત રહેશે કે આ પૉલિસી હેઠળ કંપની,

૧. અશક્તતાના એક જ સમયગાળા સંબંધમાં ઉપરના પેટા-ખંડના એક કરતાં વધારે પેટા-ખંડ નીચે વળતર કંપની ચૂકવશે નહિ;

૨. પેટા-ખંડ (ક), (ખ) અથવા (ઘ)ના કોઈ એક પેટા-ખંડ નીચે દાવો સ્વીકાર્ય હોય અને બીજી કોઈ ચુકવણી ચૂકવવાપાત્ર બની હોય. તબીબી ખર્ચના વિસ્તરણ, શૈક્ષણિક ગ્રાન્ટ અને મૃતદેહને લઈ જવાના ખર્ચ માટે કરેલી ચુકવણીને આ લાગુ પડશે નહિ.

૩. તે સમયમાં કંપનીની અધિકતમ જવાબદારી પૉલિસીના પેટા-ખંડ (ક) હેઠળ ચૂકવવાપાત્ર રકમ કરતાં વધી ન જાય તે વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન પૉલિસી હેઠળ એક કરતાં વધારે દાવા બાબતમાં કોઈ ચુકવણી આ તબીબી ખર્ચ વિસ્તરણ, શૈક્ષણિક ગ્રાન્ટ અને મૃતદેહ લઈ જવા માટેના ખર્ચ હેઠળ કરેલી ચુકવણીને લાગુ પડશે નહિ.

૪. કુલ રકમ નિશ્ચિત કરી હોય અને કબૂલ રખાઈ હોય ત્યાં સુધી અઠવાડિક વળતરની ચુકવણી.

૫. (ક) ઈરાદાપૂર્વક પોતાને ઈજા, આપઘાત અથવા આપઘાતનો પ્રયાસ (ખ) માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય (ગ) ઉડ્ડયન અથવા બલૂનિંગમાં ભાગ લેતો હોય ત્યારે દુનિયામાં કોઈ પણ સ્થળે ધોરણસર પ્રકારના યોગ્ય રીતે લાઇસન્સ અપાવેલ હવાઈ જહાજ અથવા કોઈ બલૂનમાં ચડતાં અથવા ઊતરતાં અથવા પ્રવાસ કરતાં (ઘ) એઇડ્ઝ અથવા ગાંડપણથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલા ગુપ્તરોગો (ચ) વીમાદારે ગુનાહિત ઈરાદાથી કાયદાનો કોઈ ભંગ કરવામાંથી ઉદ્ભવતા અને પરિણમતાં મૃત્યુ, ઈજા અને અશક્તતા.

નોંધ : 'ધોરણસર પ્રકારના હવાઈ જહાજ એટલે આવું હવાઈ જહાજ ખાનગી માલિકીનું હોય અથવા ચાર્ટર્ડ હોય અથવા નિયમિત એરલાઇનથી ચલાવાતું હોય અથવા આવા હવાઈ જહાજને એક એંજિન હોય કે અનેક એંજિન હોય તે છતાં યોગ્ય સત્તાધિકારીએ ઉતારુઓને ભાડે અથવા અન્યથા લઈ જવા યોગ્ય રીતે લાઇસન્સ આપેલ હવાઈ જહાજ.'

૬. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બંડ, ક્રાંતિ, વિદ્રોહ (insurrection), લશ્કરી બળવો (mutiny), લશ્કરી સત્તા, છીનવી લીધેલી સત્તા, બધા રાજા, રાજકુમારો, ગમે તે રાષ્ટ્ર સ્થિતિ અને ગુણવત્તાવાળા લોકોને પકડવા, ગિરફતાર કરવા તેમની ધરપકડ કરવા કેદ કરવા અને અટકમાં લેવાના કારણે અથવા તેમાંથી ઊભા થતા અથવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા અને તેમાંથી પરિણમતાં હોવાને કારણે વીમાદારનાં મૃત્યુ, ઈજા અથવા અશક્તતા અંગે વળતરની ચુકવણી.

૭. (ક) વિકિરણોને આયનીત કરવા અથવા કોઈ અણુબળતણ અથવા અણુબળતણના દહનથી ઉત્પન્ન થતા અણુબગાડમાંથી, કિરણોત્સર્ગની દૂષિતતામાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉત્પન્ન થતા અથવા તેનાથી થતા અને તેમાં ફાળો આપતા હોય, તેનાથી વીમાદારનું મૃત્યુ થતાં, તેના શરીરને ઈજા થતાં અથવા કોઈ રોગ કે માંદગી બાબતમાં વળતરની ચુકવણી. આ અપવાદના હેતુ માટે, દહનમાં અણુવિભાજનની ચુકવણી. આ અપવાદના હેતુ માટે, દહનમાં અણુવિભાજનની સ્વયંને ટકાવી રાખતી પ્રક્રિયાનો સમાવેશ થશે (ખ) અણુ સામગ્રીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભો થતો, તેનાથી થતો અને તેમાં ફાળો આપતી બાબતોનો સમાવેશ થશે.

પરંતુ આ પૉલિસીની શરતોનું યોગ્ય પાલન અને તેની પરિપૂર્ણતા (તે શરતો અને તે પરના બધા શેરા આ પૉલિસીના ભાગ તરીકે વાંચવાના છે), વીમાદારે કંઈ કરવાના કે નહિ કરવાને લગતા હોય તે પૂરતું તે આ પૉલિસી હેઠળ કંપનીની કોઈ જવાબદારીની પૂર્વ-શરત રહેશે.

૮. **સગર્ભાવસ્થા નિષેધ ખંડ** : બાળજન્મ અથવા સગર્ભાવસ્થા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલા અથવા વધી ગયેલા અથવા લંબાવવાને પરિણામે મૃત્યુ અથવા અશક્તતાને આવરી લેવા આ પૉલિસી હેઠળનો વીમો વિસ્તારાશે નહિ.

## સંચિત બોનસ

આ પૉલિસીના ખંડ (ક), (ખ), (ગ) અને (ઘ) હેઠળ એટલે કે આકસ્મિક ઈજાથી ઊભા થતાં મૃત્યુ, અવયવો/અવયવ ગુમાવવાં અથવા દૃષ્ટિ ગુમાવવી અને કાયમી સંપૂર્ણ અશક્તતા માટે ચૂકવવાપાત્ર વળતર. જે વર્ષ દરમિયાન પૉલિસી ચાલુ હોય તે દરેક પૂરા થયેલા વર્ષ અંગે તેમાં ૫ ટકાનો વધારો થશે. જેના માટે મૂળ રકમ ચૂકવવાપાત્ર બને તે અકસ્માત થયા પહેલાં, પરંતુ આવા વધારાની રકમ આમાં અનુસૂચિમાં જણાવેલા વીમાની મૂળ રકમના ૫૦ ટકા કરતાં વધશે નહિ. આ સંચિત બોનસ વીમાની મૂળ રકમને લાગુ પડે છે, તે સતત રિન્યુ થાય છે.

આ ખંડ એક રીતે વીમાના વાર્ષિક પ્રકારને આમાં હવે પછી જોગવાઈ કર્યા મુજબ આ પૉલિસી રિન્યુ કરવા ના પાડવાના અથવા આ પૉલિસી રદ કરવાના કંપનીની હકને અસર કરશે નહિ. પૉલિસી સમાપ્ત થયાના ૩૦ દિવસની અંદર રિન્યુ કરાવવામાં આવે, તો પ્રાપ્ત થયેલ સંચિત બોનસ ગુમાવવાનું નહિ થાય.

## શરતો

૧. આ પૉલિસી હેઠળ દાવો ઊભો કરે તેવો કોઈ બનાવ બનતાં, કંપનીને બધી વિગતો ધરાવતી લેખિત નોટિસ તરત જ આપવી. મૃત્યુ બાબતમાં વાજબી કારણ દર્શાવ્યું હોય તે સિવાય લેખિત નોટિસ, અગ્નિસંસ્કાર, દફનક્રિયા અગાઉ અને કોઈ પણ કેસમાં મૃત્યુ પછી એક કેલેન્ડર મહિનાની અંદર આપવી. દૃષ્ટિ ગુમાવવા અથવા અવયવો છેદાઈ જવાના બનાવમાં આવી દૃષ્ટિ ગુમાવ્યા અથવા અવયવો છેદન પછી એક કેલેન્ડર મહિનામાં તેની નોટિસ આપવી.

૨. જેના પર દાવાનો આધાર હોય તે બધી બાબતો કંપનીને સંતોષકારક લાગે તેવી સાબિતી રજૂ કરવાની રહેશે. કોઈ કહેવાતી ઈજા અથવા અશક્તતાના પ્રસંગે વીમાદાર અથવા તેની વ્યક્તિને કોઈ કંપનીના તબીબી અથવા બીજા એજન્ટને કંપની વતી યોગ્ય રીતે જરૂરી હોય તેટલી અથવા તેની વ્યક્તિને કોઈ કંપનીના તબીબ અથવા બીજા એજન્ટને અથવા તેની વ્યક્તિને કોઈ કંપની વતી યોગ્ય રીતે જરૂરી હોય ત્યારે અને તેટલી વાર તપાસવા દેવાની છૂટ આપશે. મૃત્યુ બાબતમાં વીમાદારના શરીરની શબ-પરીક્ષા કરવાની છૂટ અપાશે. કંપનીને વખતોવખત જરૂર પડે તેવા પુરાવા રજૂ કરવામાં આવશે. બનાવના અહેવાલમાં લેખિત માગણી પછી ચૌદ દિવસની અંદર જરૂરી હોય તો શબ-પરીક્ષા અહેવાલ રજૂ કરવો. દૃષ્ટિ ગુમાવવા અંગેના દાવા બાબતમાં કંપનીને યોગ્ય રીતે ઇચ્છનીય લાગે તે પ્રમાણે વીમાદારના ખર્ચે આવી શસ્ત્રક્રિયા અથવા સારવાર વીમાદાર કરાવશે, પરંતુ આની નીચે ચૂકવવાપાત્ર બધી રકમ ચૂકવી શકાશે.

(૧) મૃત્યુ અથવા કાયમી અશક્તતા બાબતમાં, પ્રીમિયમ રિફંડ કર્યા સિવાય જે વીમાદાર બાબતમાં આવી રકમ ચૂકવવાપાત્ર થતી હોય તેમના નામનો શેરો રદ કર્યા પછી જ.

(૨) કાયમી / અંશતઃ અશક્તતા બાબતમાં, જેમની બાબતમાં આવી રકમ ચૂકવવાપાત્ર થતી હોય તે વીમાદાર વ્યક્તિ બાબતમાં દાવા હેઠળ મળવાપાત્ર રકમથી વીમાની મૂળ રકમનો શેરો રદ કર્યા પછી જ.

(૩) કામચલાઉ સંપૂર્ણ અશક્તતા બાબતમાં આવી અશક્તતાની સમાપ્તિ થયે. આ પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર રકમ પર વ્યાજ મળશે નહિ.

૩. વીમાદારે અથવા તેમના વતી કોઈ પણ વ્યક્તિએ કોઈ કપટી નિવેદન અથવા પ્રયુક્તિથી સમર્થિત કર્યો હોય અથવા આવો દાવો કોઈપણ રીતે કપટભર્યો હોય, તો આવા કોઈ દાવા સંબંધમાં કંપની કોઈ ચુકવણી કરવા જવાબદાર રહેશે નહિ.

૪. (ક) વીમાદાર તેના વેપાર અથવા વ્યવસાયમાં કોઈ ફેરફાર થયા અંગે કંપનીને તરત જ નોટિસ આપશે.

(ખ) આ પૉલિસી રિન્યુ કરવા માટે વીમાદાર કોઈ પ્રીમિયમ રજૂ કરતાં અગાઉનું છેલ્લું પ્રીમિયમ ભર્યું ત્યારથી શારીરિક ખામી અથવા અશક્તિ વરતાઈ હોય કે કોઈ રોગ થયો હોય, તો તે અંગે કંપનીને લેખિત નોટિસ આપવી.

૫. આ પૉલિસી પરસ્પર સંમતિથી દર વર્ષે રિન્યુ કરાવી શકાય અને આમ બનતાં પૉલિસીની મુદત પૂરી થયાની તારીખે અથવા તે અગાઉ અથવા તેના પછીના રિન્યુઅલ પહેલાં કંપનીને રિન્યુઅલ પ્રીમિયમ ચૂકવવામાં આવશે. જોકે, કંપની આવું રિન્યુઅલ પ્રીમિયમ ચૂકવવાનું થાય છે તે અંગે ખબર આપવા બંધાયેલી નથી.

૬. કંપની લેખિત નોટિસ આપીને કોઈ પણ વખતે આ પૉલિસી રદ કરી શકશે. પરંતુ તેવી બાબતમાં કંપની છેલ્લા ચૂકવેલ પ્રીમિયમમાંથી પૂરા થયેલા વીમાની ચાલુ મુદતના ભાગ માટે તેનું ભાગે પડતું પ્રીમિયમ બાદ કરીને વીમાદારને તેટલી રકમ પાછી આપશે. કંપનીના ચોપડામાં છેલ્લે નોંધાયેલ સરનામે વીમાદારને ટપાલ લખી હોય તો આ નોટિસ પૂરતી ગણાશે અને ટપાલના સામાન્ય ક્રમમાં તે વીમાદારને મળી હોય તે તારીખે મળી હોવાનું ગણાશે અથવા વીમાદાર ટપાલ રવાનગી પ્રમાણપત્ર અથવા રજિસ્ટર્ડ એ.ડી.થી લેખિત નોટિસ આપીને વીમાદાર પૉલિસી રદ કરી શકશે. વીમાદારે તે રવાના કરી હોય તે તારીખથી આવી નોટિસ અસરકારક હોવાનું માનવામાં આવશે. પરંતુ વીમાદારે કંપનીને આવી નોટિસ રવાના કરી તે અગાઉ આમાં દર્શાવેલી પૉલિસી હેઠળ કોઈ દાવો ઊભો ન થયો હોવો જોઈએ. પૉલિસીના અમલમાં તે માટે કંપનીના ટૂંકી મુદતના દરે થતું પ્રીમિયમ બાદ કરીને વીમાદાર પ્રીમિયમ પાછું મેળવવા હકદાર રહેશે.

૭. કંપની કોઈ વિશ્વાસ, ચાર્જ, લિયન, એસાઇનમેન્ટ, આ પૉલિસીની અથવા તેને લગતી બીજી કામગીરી ધ્યાનમાં લેવા બંધાયેલી નથી અથવા તેની તેના પર કોઈ અસર નથી, પરંતુ વીમાદાર અથવા તેના કાનૂની અંગત પ્રતિનિધિઓને તે મળે એટલે કંપનીને અસરકારક ચુકવણી કરી હોવાનું ગણાશે.

૮. આ પૉલિસી હેઠળ ચૂકવવાની રકમના પ્રમાણ અંગે કોઈ મતભેદ ઊભા થાય (અન્યથા જવાબદારી કબૂલ કરવામાં આવે છે), તો આવા તફાવત બીજા બધા પ્રશ્નોથી સ્વતંત્ર રીતે મતભેદ ધરાવતા પક્ષકારોને લેખિતમાં નિમાનાર લવાદના નિર્ણય માટે પુછાવવામાં આવશે. તેઓ એક લવાદના નિર્ણય પર કબૂલ ન થાય, તો તે બે તટસ્થ વ્યક્તિઓની લવાદીને નિર્ણય માટે પુછાવવામાં આવશે. વખતોવખત સુધાર્યા પ્રમાણે અને હાલ પૂરતા અમલમાં હોય તે લવાદ અધિનિયમ ૧૯૪૦ની જોગવાઈઓ અનુસાર બીજા પક્ષકારે લેખિતમાં તેમ કરવાનું જરૂરી ગણાવ્યું હોય તે પછી બે કેલેન્ડર મહિનાની અંદર દરેક પક્ષકાર લેખિતમાં એક લવાદ નીમશે. લવાદ નીમવાની જરૂરિયાત અંગે લેખિત નોટિસ મળ્યા પછી, બે કેલેન્ડર મહિનાની અંદર કોઈ એક પક્ષકાર લવાદ નીમવાની ના પાડે અથવા નીમી ન શકે, તો બીજો પક્ષકાર સંપૂર્ણ લવાદ નીમવા સ્વતંત્ર રહેશે. બે લવાદો વચ્ચે સંમતિ ન સધાય, તો તફાવત અંગે અંપાયરના નિર્ણય માટે પુછાવવામાં આવશે. સંદર્ભમાં ઊતરતાં પહેલાં તેમણે લેખિતમાં તેમને નીમ્યા હશે. તે લવાદ સાથે બેસશે અને બેઠકોનું પ્રમુખસ્થાન સંભાળશે.

સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે કંપનીએ આ પૉલિસી બાબતમાં અથવા તેની નીચે જવાબદારી ન સ્વીકારી હોય અથવા કંપનીએ વિવાદ કર્યો હોય, તો અહીં આમાં જોગવાઈ કર્યા પ્રમાણે કોઈ મતભેદ અથવા વિવાદ લવાદને પુછાવવામાં નહિ આવે.

આથી સ્પષ્ટપણે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પૉલિસી અંગે દાવાનું પગલું લેવાના કોઈ હકની પૂર્વ શરત એ રહેશે કે નુકસાન અથવા હાનિની રકમ અંગે આવા લવાદ, લવાદો અથવા અંપાયરનો એવોર્ડ પ્રથમ મેળવવામાં આવશે.

વળી આથી સ્પષ્ટપણે કબૂલ અને જાહેર કરવામાં આવે છે કે આની નીચેના કોઈ દાવા માટે વીમાદારની જવાબદારી કંપની ન સ્વીકારે અને આવો દાવો આવી અસ્વીકૃતિની તારીખથી ૧૨ કેલેન્ડર મહિનાની અંદર નહિ હોય, તો ત્યારબાદ તે વસૂલ કરી શકાશે નહિ.

## તબીબી ખર્ચનું વિસ્તરણ

**વધારાનું પ્રીમિયમ ભર્યું હોય અને વીમાના આવરણને પૉલિસીની અનુસૂચિમાં સમર્થન આપ્યું હોય તો જ લાગુ પડશે.**

રૂ............ના વધારાના પ્રીમિયમની ચુકવણીના અવેજમાં આથી કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આની અંદર લખેલી પૉલિસીમાં કંઈ પણ વિપરીત હોવા છતાં, જેના માટે વીમાદારે દાવો કર્યો હોય અને કંપનીએ તે કબૂલ રાખ્યો હોય તેના માટે પૉલિસીમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કોઈ પણ અકસ્માત સંબંધમાં જરૂરી કરેલા અને ખર્ચેલા તબીબી ખર્ચને આવરી લેવા આ વીમાનું વિસ્તરણ કરવામાં આવે છે.

કંપની વીમાદારને આ પૉલિસી હેઠળના કાયદેસર દાવાના પતાવટમાં ચૂકવેલા વળતરના વધુમાં વધુ ૪૦ (ચાળીસ) ટકા સુધીની રકમ ભરપાઈ કરશે. વળી, આવા રકમના ૧૦ ટકા રકમ ભરપાઈ કરશે. વળી, આવા તબીબી ખર્ચની ચુકવણીની પૂર્વ-શરત એ છે કે તબીબી સારવારનો વિગતવાર હિસાબ રજૂ કરવામાં આવશે અને કંપનીએ તે મંજૂર કરવાનો રહેશે.

**પરંતુ હંમેશાં એ શરત રહેશે કે :**

૧. પ્રજનન અવયવો, સ્તનગ્રંથિના કેન્સર (malignent) રોગ, સગર્ભાવસ્થા, બાળજન્મ, ગર્ભપાત અને કસુવાવડ અથવા કોઈ જટિલતા અને / અથવા આમાં હવે પછી અન્યથા જોગવાઈ કરાઈ હોય તે સિવાય ઉપરની બાબતોથી ઊભી થતી પારિણામિક અસરોમાંથી ઉદ્દભવતી અથવા તેમાંથી થતી સ્થિતિ બાબતમાં સ્ત્રીઓએ કરેલા ખર્ચ બાબતમાં આ વીમો લાગુ પડશે નહિ.

૨. કંપની નીચેની બાબતો અંગે આ પૉલિસી હેઠળ કોઈ ચુકવણી કરવા જવાબદાર નથી.

(૧) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનના કૃત્ય, દુશ્મનાવટ અથવા યુદ્ધ જેવી કામગીરી (યુદ્ધ, જાહેર થયું હોય કે નહિ), નાગરિક અશાંતિ (commotion) અથવા લશ્કરી, નૌસેના અથવા હવાઈદળના બળવા અથવા શિકાર, ઊંઘનો રોગ, ક્રાંતિ, વિદ્રોહ, બળવો, ધોરણસરના પ્રકારના લાઇસન્સ ધરાવતા હવાઈ જહાજમાં ઉતારુ (ભાડું ચૂકવે કે નહિ) સિવાય ઉડ્ડયનમાં ભાગ લેવાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોગ, ઈજા, મૃત્યુ અથવા અશક્તતા.

(૨) સુન્નત અથવા નાડીનો અવરોધ (stricture) અથવા રસી અથવા રસીની ટંકાઈ અથવા જીવન પરિવર્તન અથવા કોઈ વર્ણનની સૌંદર્ય સારવાર અથવા દાંતની કે આંખની સારવાર અથવા ઇરાદપૂર્વક પોતાને ઈજા અથવા ગાંડપણ અથવા નાશ (dissipation) અથવા સ્નાયુતંત્ર તૂટી પડવું (આ શબ્દપ્રયોગમાં સામાન્ય અશક્તિ, નંખાઈ ગયાની સ્થિતિ અને સામાન્ય મરામત (overhaul) અથવા ગુપ્તરોગ અથવા માદક ડ્રગ્ઝ અથવા દારૂના ઉપયોગનો અતિરેક એક કે વધુ કારણોને લીધે સીધેસીધા રોગ, ઈજા, મૃત્યુ અથવા અશક્તતા, આ પૉલિસીની શરતો, અપવાદ, સ્થિતિ અને મર્યાદાને અધીન છે.

**નોંધ** : કાનૂની અર્થઘટન માટે અંગ્રેજી પાઠ માન્ય ગણાશે.